# ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) પછીના કૃષિ સંલગ્ન સ્નાતક કક્ષાનાં પ્રોગ્રામ કેટેગરી-૧ મુજબનાં અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેનો કોમન પાંચમા ઓફલાઈન રાઉન્ડ (પહેલો રૂબરૂ) કાઉન્સેલિંગ કાર્યક્રમ

## શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩

**પ્રોગ્રામ કેટેગરી-૧ બી.એસસી.(ઓનર્સ) એગ્રીકલ્ચર, બી.એસસી.(ઓનર્સ) હોર્ટીકલ્ચર, બી.એસસી.(ઓનર્સ) ફોરેસ્ટ્રી, બી.ટેક.(બાયોટેકનોલોજી)**

ગુજરાત રાજ્યની આણંદ, જૂનાગઢ, નવસારી તથા સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીઓમાં ધોરણ-૧૨માં (વિજ્ઞાન પ્રવાહ) પછીના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે ચાર ઓનલાઈન રાઉન્ડ બાદ ખાલી રહેલ જગ્યાઓ માટે ચારેય કૃષિ યુનિસર્સિટીઓ દ્વારા નક્કી થયા મુજબ આગામી રૂબરૂ કાઉન્સેલિંગ તા.૨૧-૨૩.૧૧.૨૦૨૨ દરમ્યાન ગુજરાત રાજ્યની ચારેય કૃષિ યુનીવર્સિટીઓનાં મુખ્ય કેમ્પસ ખાતે વર્ચુઅલ મોડથી હાથ ધરવામાં આવનાર છે.

સ્નાતક કક્ષાના બી-ગૃપના અભ્યાસક્રમોમાં પ્રવેશ અન્વયે ચોથા ઓનલાઇન રાઉન્ડમાં પ્રથમ ચોઈસ સિવાયની કોલેજમાં પ્રવેશ મળેલ હોય તેવા અને ચારેય ઓનલાઈન રાઉન્ડમાં પ્રવેશ મળેલ ન હોય તેવા નીચે આપેલ મેરીટ યાદીમાં સમાવિષ્ટ વિદ્યાર્થીઓ જે પ્રોગ્રામ કેટેગરી-૧ મુજબનાં અભ્યાસક્રમોમાં બાકી રહેલ બેઠકોમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા હોય તેઓએ ફોર્મ ભરતી વખતે **Consent** આપેલ કૃષિ યુનિવર્સિટી ખાતે અથવા નીચે દર્શાવેલ સ્થળો પૈકી કોઇ એક સ્થળે રૂબરૂ નીચે દર્શાવેલ કાર્યક્રમ પ્રમાણે હાજર રહેવાનું જણાવવામાં આવે છે. નીચે દર્શાવેલ મેરીટ યાદીનાં ક્રમ નંબર પ્રમાણે રૂબરૂ કાઉન્સેલિંગ માટે બોલાવવામાં આવશે જેમાં વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે ભરેલ ઓનલાઇન ફોર્મની નકલ, જે વિદ્યાર્થીઓ એ ટોકન ફી ભરેલ હોય તેની પહોંચ, તમામ અસલ પ્રમાણપત્રો તથા દરેક પ્રમાણપત્રોની પ્રમાણિત નકલોના એક સેટ સાથે હાજર રહેવાનું રહેશે. ( જે વિદ્યાર્થીઓ એ ચોથા ઓનલાઈનમાં બીજી કે તેનાથી ઊપરની (ચોથા, પાંચમાં, છઠ્ઠી...વગેરે) પસંદગીની કોલેજમાં એડમીશન કન્ફર્મ કરાવેલ છે અને તેમને પાંચમાં ઓફલાઈન રાઉન્ડમાં એડમીશન મેમો ફરજીયાત સાથે લઈ આવવાનું રહેશે.)

**ઓનલાઇન રાઉન્ડમાં પ્રથમ ચોઈસ સિવાયની કોલેજમાં પ્રવેશ મળેલ હોય અને ચોથા ઓનલાઈન રાઉન્ડમાં એડમીશન કન્ફર્મ કરાવેલ હોય તેવા વિદ્યાર્થીઓ કોમન પાંચમા ઓફલાઈન રાઉન્ડ (પહેલો રૂબરૂ)માં ગેરહાજર રહેશે તો તેવા વિદ્યાર્થીઓનું એડમીશન ચોથા ઓનલાઈન રાઉન્ડમાં કન્ફર્મ કરાવેલ કોલેજ ખાતે જ ચાલુ રહેશે. આવા વિદ્યાર્થીઓ ભવિષ્યમાં કોઈ પ્રકારનો અન્ય જગ્યાએ પ્રવેશ માટે દાવો કરી શકશે નહી અને કોઇ પણ પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લઈ શકશે નહી.**

| ક્રમ | યુનિવર્સિટી | કાઉન્સેલીંગ સ્થળ |
|---|---|---|
| ૧ | આણંદ કૃષિ યુનિવર્સિટી | એક્ઝામ હોલ, બં.અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ |
| ૨ | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી | સરદાર પટેલ સભાગૃહ, ઓડીટોરીયમ પાછળ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ |
| ૩ | નવસારી કૃષિ યુનિવર્સિટી | અસ્પી એગ્રી બીઝનેસ મેનેજમેન્ટ ઇન્સ્ટીટ્યુટ, બીજા ગેટ પાસે, એરૂ ચાર રસ્તા, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી |
| ૪ | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી | પ્રો. વી. આર. મહેતા ઓડીટોરીયમ, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર |

કાઉન્સેલિંગ વખતે પ્રવેશ મળ્યેથી તુરત જ ટોકન ફી(વિદ્યાર્થીઓ માટે રૂ.૮૨૦૦/- તેમજ વિદ્યાર્થીનીઓ માટે રૂ.૩૨૦૦/-) કાઉન્સેલીંગ સ્થળ પર જ ઓનલાઇન (ડેબીટ કાર્ડ/ ક્રેડીટ કાર્ડ/ નેટ બેંકીંગથી) ભરવાની રહેશે. ફી નહિં ભરનારનો પ્રવેશ આપોઆપ રદ થશે.જે વિદ્યાર્થીઓને અગાઉ એડમીશન મળેલ છે અને ટોકન ફી ભરેલ છે તે વિદ્યાર્થીઓ એ ટોકન ફી ભર્યા ની પહોંચ સાથે રાખવાની રહેશે.

રૂબરૂ કાઉન્સેલિંગનાં નિયત કરેલ સમય કરતાં મોડા આવનાર વિદ્યાર્થીઓને જે તે સમયે ઉપલબ્ધ સીટ મેટ્રીક્ષના પ્રમાણે મેરીટના આધારે ઉપલબ્ધ ખાલી બેઠકો ઉપર જ પ્રવેશ આપવામાં આવશે.

ખાલી સીટો ભરાઈ ગયા બાદ એડમિશન પ્રક્રિયા પૂર્ણ ગણવાની રહેશે, જો રીફીલીંગ દરમ્યાન સીટો ખાલી થશે તો તે સીટો પણ નિયમોનુસાર ભરવામાં આવશે.

## પાંચમો ઓફલાઈન રાઉન્ડ (પ્રથમ રૂબરૂ) કાઉન્સેલિંગ કાર્યક્રમ

| પ્રોગ્રામ કેટેગરી-૧<br>બી.એસસી.(ઓનર્સ) એગ્રીકલ્ચર, બી.એસસી.(ઓનર્સ) હોર્ટીકલ્ચર,<br>બી.એસસી.(ઓનર્સ) ફોરેસ્ટ્રી, બી.ટેક.(બાયોટેકનોલોજી) | | | |
|---|---|---|---|
| **તારીખ (વાર)** | **ક્રમ નંબર (Sr. No)** | **કાઉન્સેલીંગ સમય** | **કાઉન્સેલીંગ સ્થળ:** |
| **૨૧.૧૧.૨૦૨૨ (સોમવાર)** | (૧) ૧ થી ૧૦ (એક્સ સર્વિસ કેટે.)<br>(૨) ૧ થી ૯૪ (અધર બોર્ડ મેરીટ)<br>(૩) ૧ થી ૧૪૦ (ગુજરાત બોર્ડ મેરીટ) | **રીપોર્ટીંગ સમય** : ૦૭:૪૫ કલાકે<br>**કાઉન્સેલિંગ સમય** : ૯:૦૦ કલાકથી | વિદ્યાર્થીઓએ ફોર્મ ભરતી વખતે પસંદ કરેલ સ્થળ પર હાજર રહેવું. અન્યથા ચારેય કૃષિ યુનિવર્સિટીના મુખ્ય કેમ્પસ સેન્ટરમાંથી નજીકનાં સેન્ટર પર હાજર રહેવુ. |
| | ૧૪૧ થી ૩૭૦ (ગુજરાત બોર્ડ મેરીટ) | **રીપોર્ટીંગ સમય** : ૧૨:૪૫ કલાકે<br>**કાઉન્સેલિંગ સમય** : ૧૪:૦૦ કલાકથી | |
| **૨૨.૧૧.૨૦૨૨ (મંગળવાર)** | ૩૭૧ થી ૬૧૦ (ગુજરાત બોર્ડ મેરીટ) | **રીપોર્ટીંગ સમય** : ૦૭:૪૫ કલાકે<br>**કાઉન્સેલિંગ સમય** : ૯:૦૦ કલાકથી | |
| | ૬૧૧ થી ૮૫૦ (ગુજરાત બોર્ડ મેરીટ) | **રીપોર્ટીંગ સમય** : ૧૨:૪૫ કલાકે<br>**કાઉન્સેલિંગ સમય** : ૧૪:૦૦ કલાકથી | |
| **૨૩.૧૧.૨૦૨૨ (બુધવાર)** | ૮૫૧ થી ૧૦૮૦ (ગુજરાત બોર્ડ મેરીટ) | **રીપોર્ટીંગ સમય** : ૦૭:૪૫ કલાકે<br>**કાઉન્સેલિંગ સમય** : ૯:૦૦ કલાકથી | |
| | ૧૦૮૧ થી ૧૨૮૭ (ગુજરાત બોર્ડ મેરીટ) | **રીપોર્ટીંગ સમય** : ૧૨:૪૫ કલાકે<br>**કાઉન્સેલિંગ સમય** : ૧૪:૦૦ કલાકથી | |

**ખાસ નોંધ:**

- ઉપરોક્ત પ્રવેશ ફક્ત મેરીટ આધારે જ આપવામાં આવશે તેમજ ખાલી બેઠકો ભર્યા બાદ એડમીશન પ્રક્રિયા પૂર્ણ કરી દેવામા આવશે.
- વિદ્યાર્થીઓને ઉપલબ્ધ ખાલી બેઠકો ઉપર જ પ્રવેશ આપી શકાશે.
- રૂબરૂ કાઉન્સેલિંગનાં નિયત કરેલ સમય કરતાં મોડા આવનાર વિદ્યાર્થીઓને જે તે સમયે ઉપલબ્ધ સીટ મેટ્રીક્ષના પ્રમાણે મેરીટના આધારે ઉપલબ્ધ ખાલી બેઠકો ઉપર જ પ્રવેશ આપવામાં આવશે.
- ક્રમ નંબર (Sr. No) ૧ થી ૧૦ એક્સ સર્વિસમેન કેટેગરી તથા ક્રમ નં. ૧ થી ૯૪ અધર બોર્ડના વિદ્યાર્થીઓનુ મેરીટ પ્રથમ ચલાવવામાં આવશે.
- ત્યારબાદ ગુજરાત બોર્ડનું મેરીટ હાલમાં ઉપલબ્ધ કોલેજ વાઈઝ કેટગરી વાઈઝ ખાલી બેઠકોને ધ્યાને લઈ નિયમોનુસાર મેરીટ પ્રમાણે (ક્રમ નંબર અનુસાર) ઉપરોક્ત શિડ્યુલ મુજબ વિદ્યાર્થીઓને એડમીશન આપવામાં આવશે.
- રૂબરૂ પ્રવેશ માટે બોલાવેલ તમામ ઉમેદવારોને પ્રવેશ મળશે જ તે અંગેની ખાત્રી પ્રવેશ સમિતિ આપતી નથી.
- રૂબરૂ કાઉન્સેલીંગમાં વિદ્યાર્થીઓ/ વાલીઓએ સ્વ-ખર્ચે હાજર રહેવાનુ રહેશે.